નમૂનો-૧

અગ્રતા ક્રમ -: ૧૧

વિભાગ :મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન : ૧૫/૪/૧૯૦૩

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૨૭.૦૨.૨૦૨૪ (બીજી બેઠક)

પ્રશ્નનું શિર્ષક: રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત.

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેનો મતવિસ્તાર:-

માન. ધારાસભ્યશ્રી રમેશભાઇ વીરજીભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ)

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિભાગનો મૂળ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ/સરકારશ્રીની નીતિ | પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ |
| ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અને તાલુકામાં જી.આઇ.ડી.સી.ને જમીન ફાળવણીની કેટલી દરખાસ્તો મળી છે? | શ્રી રમેશભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ) |
| ૨ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ક્યાં ગામમાં જી.આઇ.ડી.સી.ને સરકારી જમીન ફાળવવામાં આવી છે? | શ્રી રમેશભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ) |
| ૩ | જી.આઇ.ડી.સી.ને સરકારી જમીનની ફાળવણી માટે કઇ જોગવાઇઓ અમલી છે? | શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ) |
| ૪ | જી.આઇ.ડી.સી.ને સરકારી જમીનનો આગોતરો કબજો સોંપવામાં આવે છે કે કેમ? | શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ) |
| ૫ | જીઆઇડીસીને સરકારી જમીનની ફાળવણી કરવા બાબતે કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ? | ડૉ. દર્શિતાબેન શાહ (રાજકોટ પશ્ચિમ) |
| ૬ | જીઆઇડીસીને સરકારી જમીનનો આગોતરો કબજો કઇ જોગવાઓ અંતર્ગત સોંપવામાં આવે છે? | |
| ૭ | પૂરક માહિતી | |

# વિભાગનો મૂળ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1903

વિષય:

રાજકોટ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
| --- | --- | --- |
| 20/01/2024 | 21/02/2024 | 07/02/2024 |

*15/4/1903 શ્રી રમેશભાઇ વીરજીભાઇ ટીલાળા(રાજકોટ દક્ષિણ)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવવામાં આવી તે હકીકત સાચી છે, અને

(૨) જો ઉક્ત બાબતે જમીનની ફાળવણી કરવામાં આવેલ હોય તો કેટલી જમીન ક્યારે ફાળવવામાં આવેલ છે?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

Letter No: RD/1131/02/2024 Dt: 20-02-2024

**રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત**

***૧૫/૪/૧૯૦૩ : રમેશભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ)): માનનીય મુખ્ય મંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવામાં આવી તે હકીકત સાચી છે, | (૧) | હા |
| (૨) | જો ઉકત બાબતે જમીનની ફાળવણી કરવામાં આવેલ હોય તો કેટલી જમીન ક્યારે ફાળવવામાં આવેલ છે ? | (૨) | કુલ ૨,૫૬,૫૨૪ ચો.મી. જમીન તા.૧૩/૦૬/૨૦૨૨ના રોજ ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે ફાળવવામાં આવેલ છે. |

---

ક્રમાંક:- RD/MPL/e-file/15/2024/1857/K
મહેસૂલ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૭/૦૨/૨૦૨૪

પ્રતિ,

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર, તરફ તેઓશ્રીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૯૦૩ના અનુસંધાને વધારાની ત્રણ નકલ સહિત

(ભાવિન પટેલ)
નાયબ સચિવ(જમીન)
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર

નકલ રવાના:-

- સેકશન અધિકારીશ્રી,"બ-૧"શાખા,મહેસૂલ વિભાગ,સચિવાલય, ગાંધીનગરને તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૯૦૩ના નિકાલ સંદર્ભ જાણ સારૂં.
- સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by: Bhavin Patel
Deputy Secretary
Date: 2024.02.20
16:06:13 +05:30

File No: RD/VSP/e-file/15/2024/1857/K (Land Aq)
Approved By: Minister,Minister Office-IMD,IMD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

2024.02.22 14:

મુખ્ય પેજ પર જાઓ

## સરકારશ્રીની નીતિ-હાર્દ

- રાજકોટ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં જી.આઇ.ડી.સી.ને ફાળવવા આવેલ અરજીની વિગત નીચે મુજબ છે.

| મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | દફતરે | પૂર્તતા અર્થે | વિચારણા હેઠળ |
|---|---|---|---|---|
| ૦૭ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ |

- રાજ્યના વિવિધ વિસ્તારોમાં ઔધોગિક વસાહતની સ્થાપના દ્વારા સમતોલ અને ઝડપી આર્થિક વિકાસ સાધવાના ઉદ્દેશ સાથે ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ લીમીટેડ (જી.આઈ.ડી.સી.) ની સ્થાપના થયેલ છે. આ વસાહત માટે સરકારી પડતર જમીન તબદીલીથી મેળવી વસાહત વિકસાવવાની કાર્યવાહી કરવામાં આવે છે. સરકારશ્રીની જોગવાઇ મુજબ જી.આઈ.ડી.સી.ને સરકારી પડતર જમીન પૂર્ણ બજારકિંમત લઇને ફાળવવામાં આવતી હતી.
- રાજ્યમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને (એમ.એસ.એમ.ઇ.) પ્રોત્સાહન આપવા વસાહત વિકસે અને રોજગારીનું પ્રમાણ વધે તથા રાજ્યમાં ઔધોગિક વિકાસ ઝડપી થાય તે હેતુથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જીઆઇડીસી) ને જમીન ફાળવતી વખતે વસુલ લેવાની કિંમતમાં સુધારો કરવામાં જે મુજબ મહેસૂલ વિભાગના તા.૨૨/૦૫/૨૦૧૮ના ઠરાવથી સરકારી જમીન ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ (જીઆઇડીસી) ને સરકાર દ્વારા ફાળવવામાં આવે તે જમીનના ૭૦% બજાર કિંમતના ૫૦% ભાવથી આપવી તેમજ ૩૦ % જમીન બજાર કિંમતથી આપવામાં આવે છે.
- જી.આઈ.ડી.સી. દ્વારા કોઈપણ ઉદ્યોગ એકમને ૩૦૦૦ ચો.મી. કે તેથી ઓછા ક્ષેત્રફળવાળો જમીનનો પ્લોટ ફાળવવામાં આવે ત્યારે ૫૦% બજારકિંમતે ફાળવવામાં આવે છે.

- પરંતુ જી.આઈ.ડી.સી દ્વારા ૩૦૦૦ ચો.મી. કરતા વધુ ક્ષેત્રફળવાળી જમીનનો પ્લોટ કોઈ ઉદ્યોગ એકમને ફાળવવામાં આવે ત્યારે બજારકિંમત વસૂલ લઈને ફાળવવાનો રહે છે.
- મહેસૂલ વિભાગના તા.૨૩/૦૨/૨૦૧૫ના ઠરાવની જોગવાઇઓ મુજબ જંત્રી મુજબની થતી જમીનની કિંમત એડવાન્સમાં વસૂલી આગોતરો કબજો સોંપવામાં આવે છે.
- ગુજરાત સરકારના બોર્ડ/કોર્પોરેશન/ગુજરાત સરકાર હસ્તકની કંપની દ્વારા જ્યારે સરકારી જમીનની માંગણી માટેની અરજી કરવામાં આવે ત્યારે આવા બોર્ડ/કોર્પોરેશન/ગુજરાત સરકાર હસ્તકની કંપનીઓને જંત્રી મુજબની થતી જમીનની કિંમત એડવાન્સમાં જમા કરાવવા સુચના આપવાની રહે છે અને જંત્રી મુજબની થતી કિંમત એડવાન્સમાં જમા કરાવે ત્યાર બાદ જ આવા બોર્ડ/કોર્પોરેશન/ગુજરાત સરકાર હસ્તકની કંપનીને જમીનનો આગોતરો કબજો આપવાનો રહે છે.
- જમીનનો આગોતરો કબજો સોંપતી વખતે જિલ્લા કલેક્ટર સરકારશ્રી દ્વારા કિંમત કે ક્ષેત્રફળ બાબતે જે નિર્ણય આખરી કરે તે સંબંધીત બોર્ડ/કોર્પોરેશન/ગુજરાત સરકાર હસ્તકની કંપનીને બંધન કર્તા રહેશે તે મતલબની બાંહેધરી સંબંધીત બોર્ડ/કોર્પોરેશન/ગુજરાત સરકાર હસ્તકની કંપની પાસેથી લેવાની રહેશે.
- સવાલવાળી જમીનનો આગોતરો કબજો સોંપ્યા બાદ જમીનની કિંમત આગોતરો કબજો સોંપ્યા તારીખની સ્થિતીએ સક્ષમ કક્ષાએ નક્કી કરાવવાની રહેશે. આવી રીતે સક્ષમ કક્ષા દ્વારા જમીનની કિંમત નક્કી કરવામાં આવે તેમાંથી આગોતરો કબજો સોંપતી વેળાએ સંસ્થાએ ભરપાઇ કરેલ જંત્રી આધારીત રકમ બાદ કરતાં બાકી રહેતી તફાવતની રકમ ભરપાઈ કરવાનાં સમયે આગોતરો કબજો સોંપ્યા તારીખથી તફાવતની રકમ ભરપાઈ કરવામાં આવે તે તારીખ સુધીનાં વિલંબિત સમયગાળાનું વ્યાજ વાર્ષિક ૮% ના દરે અરજદાર સંસ્થાએ ભરપાઇ કરવાનું રહે છે.

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૧૧

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૯૦૩

## રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત

પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી રમેશભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ)

| | |
|---|---|
| **પ્રશ્ન ૧** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અને તાલુકામાં જી.આઇ.ડી.સી.ને જમીન ફાળવણીની કેટલી દરખાસ્તો મળી છે? |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના<br>• લોધીકા તાલુકાના - ૦૩ ગામો (છાપરા, પીપરડી (પીપરડી ગામની બે દરખાસ્ત આવેલ છે) માખાવડ) ની કુલ-૪ દરખાસ્તો<br>• રાજકોટ તાલુકાના - ૦૨ ગામો (ગઢકા, બામણબોર) ની કુલ-૨ દરખાસ્તો અને<br>• કોટડા સાંગાણી તાલુકાનું - ૦૧ ગામ (કોટડાસાંગાણી) ની કુલ-૧ આમ કુલ-૭ દરખાસ્ત મળી છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૧૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૯૦૩

રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત

પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી રમેશભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ)

| | |
|---|---|
| **પ્રશ્ન ૨** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ક્યાં ગામમાં જી.આઇ.ડી.સી.ને સરકારી જમીન ફાળવવામાં આવી છે? |
| **જવાબ** | લોધિકા તાલુકાના પીપરડી ગામે સરકારી ખરાબાના<br>• સર્વે નં.૨૮૮ ની ૧૩ હેક્ટર ૧૭ આરે અને ૮૬ ચોરસ મીટર જમીન અને<br>• સર્વે નં.૨૮૫ ની ૧૨ હેક્ટર ૪૭ આરે ૩૮ ચોરસ મીટર જમીન મળી<br>• કુલ ૨૫ હેક્ટર ૬૫ આરે ૨૪ ચોરસ મીટર જમીન જી.આઇ.ડી.સી.ને સરકારી જમીન ફાળવવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૧૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૯૦૩

રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત

પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ)

| | |
|---|---|
| પ્રશ્ન 3 | જી.આઇ.ડી.સી.ને સરકારી જમીનની ફાળવણી માટે કઇ જોગવાઇઓ અમલી છે? |
| જવાબ | જી.આ.ડી.સી.ને સરકારી જમીનની ફાળવણી મહેસૂલ વિભાગના તા.૨૨/૦૫/૨૦૧૮ ઠરાવની જોગવાઇઓ મુજબ ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ (જીઆઇડીસી) ને સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૧૧**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૯૦૩**

**રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત**

**પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ)**

| | |
|---|---|
| **પ્રશ્ન ૪** | જી.આઇ.ડી.સી.ને સરકારી જમીનનો આગોતરો કબજો સોંપવામાં આવે છે કે કેમ? |
| **જવાબ** | **મહેસૂલ વિભાગના તા.૨૩/૦૨/૨૦૧૫ના ઠરાવની જોગવાઇ મુજબ જંત્રી મુજબની થતી જમીનની કિંમત એડવાન્સમાં વસૂલી આગોતરો કબજો સોંપવામાં આવે છે.** |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૧

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૯૦૩

## રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત

## માન. ધારાસભ્યશ્રી ડૉ. દર્શિતાબેન શાહ (રાજકોટ પશ્ચિમ)

| | |
|---|---|
| પ્રશ્ન ૫ | જીઆઇડીસી ને સરકારી જમીનની ફાળવણી કરવા બાબતે કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ? |
| જવાબ | • મહેસૂલ વિભાગના તા.૨૨/૦૫/૨૦૧૮ ઠરાવની જોગવાઇઓ મુજબ ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ(જીઆઇડીસી)ને સરકાર દ્વારા ફાળવવામાં આવે તે જમીનના ૭૦% જમીન બજાર કિંમતના ૫૦% ભાવથી આપવામાં આવે છે તેમજ ૩૦ % જમીન બજાર કિંમતથી આપવામાં આવે છે.<br>• જી.આઈ.ડી.સી. દ્વારા કોઇપણ ઉધોગ એકમને ૩૦૦૦ ચો.મી. કે તેથી ઓછા ક્ષેત્રફળવાળો જમીનનો પ્લોટ ફાળવવામાં આવે ત્યારે ૫૦% બજારકિંમતે ફાળવવાનો રહેશે. પરંતુ જી.આઈ.ડી.સી દ્વારા ૩૦૦૦ ચો.મી. કરતા વધુ ક્ષેત્રફળવાળી જમીનનો પ્લોટ કોઈ ઉધોગ એકમને ફાળવવામાં આવે ત્યારે બજારકિંમત વસૂલ લઈને ફાળવવાનો રહેશે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૧

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૯૦૩

## રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત

| | |
|---|---|
| પ્રશ્ન ૬ | જીઆઇડીસી ને સરકારી જમીનનો આગોતરો કબજો કઇ જોગવાઓ અંતર્ગત સોંપવામાં આવે છે? |
| જવાબ | • મહેસૂલ વિભાગના તા.૨૩/૦૨/૨૦૧૫ના ઠરાવની જોગવાઇઓ મુજબ જંત્રી મુજબની થતી જમીનની કિંમત એડવાન્સમાં વસૂલી આગોતરો કબજો સોંપવામાં આવે છે.<br>• ગુજરાત સરકારના બોર્ડ/કોર્પોરેશન/ગુજરાત સરકાર હસ્તકની કંપની દ્વારા જ્યારે સરકારી જમીનની માંગણી માટેની અરજી કરવામાં આવે ત્યારે આવા બોર્ડ/કોર્પોરેશન/ગુજરાત સરકાર હસ્તકની કંપનીઓને જંત્રી મુજબની થતી જમીનની કિંમત એડવાન્સમાં જમા કરાવવા સુચના આપવાની રહેશે અને જંત્રી મુજબની થતી કિંમત એડવાન્સમાં જમા કરાવે ત્યાર બાદ જ આવા બોર્ડ/કોર્પોરેશન/ગુજરાત સરકાર હસ્તકની કંપનીને જમીનનો આગોતરો કબજો આપવાનો રહેશે. આ સિવાયની આગોતરા કબજા મેળવવા માટેની રજુઆત ધ્યાને લેવાની રહેશે નહી. |

| | |
|---|---|
| | • જમીનનો આગોતરો કબજો સોંપતી વખતે જિલ્લા કલેક્ટરે સરકાર શ્રી દ્વારા કિંમત કે ક્ષેત્રફળ બાબતે જે નિર્ણય આખરી કરે તે સંબંધીત બોર્ડ/કોર્પોરેશન/ગુજરાત સરકાર હસ્તકની કંપનીને બંધન કર્તા રહેશે તે મતલબની બાંહેધરી સંબંધીત બોર્ડ/કોર્પોરેશન/ગુજરાત સરકાર હસ્તકની કંપની પાસેથી લેવાની રહેશે.<br>• સવાલવાળી જમીનનો આગોતરો કબજો સોંપ્યા બાદ જમીનની કિંમત આગોતરો કબજો સોંપ્યા તારીખની સ્થિતીએ સક્ષમ કક્ષાએ નક્કી કરાવવાની રહેશે. આવી રીતે સક્ષમ કક્ષા દ્વારા જમીનની કિંમત 'નક્કી કરવામાં આવે તેમાંથી આગોતરો કબજો સોંપતી વેળાએ સંસ્થાએ ભરપાઇ કરેલ જંત્રી આધારીત રકમ બાદ કરતાં બાકી રહેતી તફાવતની રકમ ભરપાઈ કરવાનાં સમયે આગોતરો કબજો સોંપ્યા તારીખથી તફાવતની રકમ ભરપાઈ કરવામાં આવે તે તારીખ સુધીનાં વિલંબિત સમયગાળાનું વ્યાજ વાર્ષિક ૮% ના દરે અરજદાર સંસ્થાએ ભરપાઇ કરવાનું રહે છે. |

મુખ્ય પેજ પર જાઓ

## પુરક નોંધ

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ માં રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવા કુલ કેટલી દરખાસ્તો મળી ? | ૦૭ (સાત) |
| ૨ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ માં રાજકોટ જિલ્લામાં કેટલા અને ક્યા તાલુકામાં જી.આઇ.ડી.સી. ને જમીન ફાળવણી દરખાસ્તો મળી છે ? | કુલ -૦૪ તાલુકા ::-<br>લોધીકા તાલુકાના -૦૩ ગામો (છાપરા, પીપરડી(પીપરડી ગામની બે દખાસ્ત આવેલ છે), માખાવડ)<br>રાજકોટ તાલુકા -૦૨ ગામો (ગઢકા, બામણબોર)<br>-૦૧ (કોટડાસાંગાણી)<br>• ઉક્ત મુજબ ૩ અરજી અત્રેની કચેરી માં વિચારણા હેઠળ તેમજ અને ૧ અરજી સરકારશ્રીની પુર્તતા હેઠળ અત્રેની કચેરીમાં છે અને ૧ અરજી દફતરે કરેલ છે.<br>દફતરેનું કારણ::- દફતરે કરેલ અરજી રાજકોટ તાલુકાના ગઢકા ગામમાં માંગણીવાળી જમીન ગુજરાત કો. ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનની માંગણી હોવાથી ઓવરલેપીંગ થવાના લીધે દફતરે કરેલ છે. |
| ૩ | જી.આઇ.ડી.સી. ને સવાલવાળી જમીનનો આગોતરો કબ્જો સોંપવામાં આવેલ છે કે કેમ ? | મહેસુલ વિભાગના તા.૨૩/૦૨/૨૦૧૫ના ઠરાવની જોગવાઇ મુજબ જંત્રી મુજબની થતી જમીનની કિંમત એડવાન્સમાં વસૂલી આગોતરો કબજો સોંપવામાં આવે છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | સર્વે નં | રિમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | લોધીકા | પીપરીડી | સરકારી ખરાબા સ.નં. ૨૮૮ની હે.૧૩-૧૭-૮૬ ચો.મી. અને લોધિકા તાલુકના પીપરડી ગામે અને સ.નં.૨૮૫ની હે. ૧૨-૪૭-૩૮ ચો.મી. મળે કુલ હે.૨૫-૬૫-૨૪ | તા.૧૩/૦૬/૨૦૨૨ના રોજ ઔધોગિક વસાહત સ્થાપવા માટે જમીન ફાળવવામાં આવેલ છે.(મંજૂર થયેલ છે) |
| ૨ | લોધીકા | પીપરડી | ગૌચર ના સ.નં.૧૭૫ની જમીન હે.૧૦૦-૭૧-૪૫ ચો.મી. | જીઆઇડીસી છાપરા ના એકસટેન્શન માટેની દરખાસ્ત કલેકટર કચેરી,રાજકોટ ખાતે વિચારણા હેઠળ છે . |
| ૩ | લોધીકા | માખાવડ | સરકારી ખરાબાના સ.નં.૩૦૫ની જમીન હે.૨૫-૦૦-૦૦ ચો.મી. | દરખાસ્ત કલેકટર કચેરી,રાજકોટ ખાતે વિચારણા હેઠળ છે. |
| ૪ | લોધીકા | છાપરા | સરકારી નવા સ.નં.૯૪ (જુના સ.નં.૧૮૧ પૈકી ૧)ની જમીનમાંથી હે.૨૨-૫૬-૯૭ ચો.મી. તથા નવા સ.નં.૧૭૨ (જુના સ.નં.૧૮૧ પૈકી ૧)ની જમીનમાંથી હે.૧૩-૦૦-૦૦ ચો.મી. મળી કુલ ૩૫-૫૬-૯૭ ચો.મી. | દરખાસ્ત કલેકટર કચેરી,રાજકોટ ખાતે વિચારણા હેઠળ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | રાજકોટ તાલુકા | ગઢકા | સરકારી ખરાબાના સ.નં.૪૭૭ પૈકી ૪ ની જમીનમાંથી હે.૪૬-૬૧-૦૦ ચો.મી. | માંગણીવાળી જમીન ગુજરાત કોમિલ્ક .ઓપ.. માર્કેટીંગ ફેડરેશનની માંગણી હોવાથી ઓવરલેપીંગ થવાના લીધે દફતરે કરેલ છે. |
| ૬ | રાજકોટ તાલુકા | બામણબોર | સરકારી ખરાબાના સ.નં.૫૨ પૈકીની જમીનમાંથી ૧,૪૨૧,૫૩૫ ચો.મી. | દરખાસ્ત કલેકટર કચેરી,રાજકોટ ખાતે વિચારણા હેઠળ છે. |
| ૭ | કોટડાસાંગાણી | કોટડાસાંગાણી | સરકારી ખરાબાના સ.નં. ૧૨૩૮ / પૈકી ૧/ પૈકી ૧ ની જમીન હે.૧૨૦-૦૦-૦૦ ચો.મી. | દરખાસ્ત કલેકટર કચેરી,રાજકોટ ખાતે વિચારણા હેઠળ છે. |

મુખ્ય પેજ પર જાઓ